બિનસરકારી વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય,
કાયદા અને અધ્યાપન કોલેજોને આપવાની
સહાયક ગ્રાન્ટના માળખામાં સુધારણા બાબત

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
સુધારા ઠરાવ ક્રમાંક : ED/KWR/e-file/3/2025/1971/KH
સચિવાલય, ગાંધીનગર,
તા.૧૯/૦૭/૨૦૨૫

**વંચાણમાં લીધા :-**

1) શિક્ષણ વિભાગનો તા.૧૫/૧૧/૧૯૮૯નો ઠરાવ ક્રમાંક:એનજીસી-૧૫૮૯/એમ-૧૦૨૬-ખ.
2) શિક્ષણ વિભાગનો તા.૦૫/03/૨૦૨૪નો ઠરાવ ક્રમાંક: ED/KOG/e-file/3/2023/5083/KH
3) શિક્ષણ વિભાગનો તા.૨૦/૦૮/૨૦૨૪નો ઠરાવ ક્રમાંક: ED/KWR/e-file/3/2022/1633/KH
4) નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણનો તા.૦૯/૦૫/૨૦૨૫નો પત્ર ક્રમાંક : કવટ/ISC-8/૨૦૨૫/18982

**આમુખ:**

રાજ્યની બિનસરકારી વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય અને અધ્યાપન કોલેજોને આપવાની સહાયક ગ્રાન્ટના માળખામાં વંચાણે લીધા ક્રમાંક (૧) થી સુધારણા કરવામાં આવેલ હતી અને તા.૧૨/૦૭/૧૯૯૦ના ઠરાવ અન્વયે નિભાવ ગ્રાન્ટ આપવાની જોગવાઇ કરવામાં આવેલ હતી. બાર કાઉન્સીલ ઓફ ઇન્ડિયા દ્વારા રાજયની અનુદાનિત લો કોલેજો પાસેથી અરજી ફી પેટે રૂ.૫૦,૦૦૦/- અને નિરીક્ષણ ફી પેટે રૂ.3,00,000/- લેવામાં આવે છે. રાજ્યની ૨૮ અનુદાનિત લો કોલેજોમાં પેન્ડિંગ ઇન્સ્પેક્શન અને ડિફોલ્ટ ફીને લીધે, સદર રકમ સંસ્થાઓ બાર કાઉન્સીલ ઓફ ઇન્ડિયાને ચૂકવી શકે તેમ ન હોવાથી આ સંસ્થાઓને વંચાણે લીધેલ (૧) ના ઠરાવમાં નક્કી કરેલ પરચુરણ આઇટમોમા ગ્રાન્ટના હેતુસર અને બાર કાઉન્સીલ ઓફ ઇન્ડિયા દ્વારા લેવામાં આવતી અરજી ફી પેટે રૂ.૫૦,૦૦૦/- અને નિરીક્ષણ ફી પેટે રૂ. 3,00,000/- નિરીક્ષણ ફી ૧૦૦% ગ્રાન્ટના હેતુસર, અન્ય ગ્રાંટને અસર કર્યા સિવાય માન્ય રાખવા વંચાણે લીધેલ (૧)ના ઠરાવમાં પરચુરણ ખર્ચની અંદર ૧૦૦% ખર્ચ તરીકે સમાવેશ કરીને સુધારા ઠરાવ બહાર પાડવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**સુધારા ઠરાવ:**

પુખ્ત વિચારણાને અંતે, વિદ્યાર્થીઓના વિશાળ શૈક્ષણિક હિતને ધ્યાનમાં રાખી રાજ્યની ૨૮ અનુદાનિત લો કોલેજોમાં વંચાણે લીધેલ (૧)ના ઠરાવમાં પરચુરણ ખર્ચની અંદર ૧૦૦% ખર્ચ તરીકે સમાવેશ કરીને નિભાવ ગ્રાન્ટ આપવા તેમજ આ ૨૮ સંસ્થાઓને સંસ્થા દીઠ અરજી ફી પેટે રૂ.૫૦,૦૦૦/- અને નિરીક્ષણ ફી પેટે રૂ.3,00,000/- અથવા કોલેજ દ્વારા ઉપરોક્ત મર્યાદામાં ખરેખર થયેલ ખર્ચને આવર્તક ખર્ચ તરીકે ચુકવવા માટે ઠરાવમાં સમાવિષ્ટ કરવાની નીચેની શરતો આધિન મંજૂરી આપવામાં આવે છે.

શરતો:

1. સદર ચુકવણી અનુદાનીત લો કોલેજોને પગાર ભથ્થા અને અન્ય ગ્રાન્ટ માંગણી નં. ૦૦૯ સદર ૨૨૦૨-૦૩-૧૦૪-૦૪ થી ચૂકવવાની રહેશે.
2. રાજ્ય સરકાર દ્વારા બિન સરકારી અનુદાનિત કોલેજોને અપાયેલ મંજૂરી બાર કાઉન્સીલ ઓફ ઇન્ડિયા દ્વારા લેવામાં આવતી અરજી ફી અને નિરીક્ષણ ફી વધારા સામેના કોર્ટ કેસના આખરી ચુકાદાને આધિન રહેશે. જો નામ.હાઇકોર્ટ દ્વારા કોલેજ પક્ષે ફી ઘટાડવાનો નિર્ણય થાય તો સંસ્થાઓ દ્વારા આપવામાં આવેલ ફી સરકારશ્રીમાં પરત જમાં કરવાની રહેશે.
3. સંસ્થાઓએ બાર કાઉન્સીલ ઓફ ઇન્ડિયા દ્વારા લેવામાં આવતી અરજી ફી પેટે અને નિરીક્ષણ ફી વર્ષ ૨૦૨૫-૨૬ના વર્ષથી શરૂ કરીને સમયાંતરે ભરવાની રહેશે. ત્યારબાદ ફી ભર્યા અંગેના પુરાવાઓ કમિશનરશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરીને રજૂ કર્યેથી તેઓની ફી રીએમ્બર્સ કરી આપવાની રહેશે.
4. બાર કાઉન્સીલ ઓફ ઇન્ડિયા દ્વારા નક્કી કરવામાં આવેલ અન્ય શરતો પૂર્ણ કરવાની જવાબદારી ગ્રાન્ટ-ઇન-એઇડ કોલેજોની રહેશે.
5. વિભાગના તા.૧૫/૧૧/૧૯૮૯ના ઠરાવની અન્ય શરતો યથાવત રહેશે.

સદર અનુમતિ નાણા વિભાગની તા. ૧૬/૦૭/૨૦૨૫ અને સરકારશ્રીની તા.૧૭/૦૭/૨૦૨૫ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે આપવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**આપનો વિશ્વાસુ,**

**(અંકુરકુમાર ઉપાધ્યાય)**
**ઉપસચિવ**
**શિક્ષણ વિભાગ**

પ્રતિ,

1. માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, નવા સચિવાલય, ગાંધીનગર
2. માન. શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, નવા સચિવાલય, ગાંધીનગર
3. માન. રાજ્ય કક્ષા મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર
4. અ.મુ.સચિવશ્રી(શિક્ષણ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
5. અગ્રસચિવશ્રી (નાણા), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
6. નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગર
7. એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ
8. પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ
9. સિલેક્ટ ફાઈલ